બરોડા લાયન્સ ક્લબ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

બરોડા હાઈસ્કૂલ, દંતેશ્વર

ગુજરાતી માધ્યમ



અંક - ૫૮

મે - જૂન - ૨૦૨૬


# ધમાચકડી






**સંપાદકશ્રીઓ**

સારિકા મોઢિયા, શ્રેયા કંસારા,
રજની જડે, ભક્તિ મલિક,
હેમલતા ગુપ્તા, હેતલ વરસાળકર,
વિનોદ પટેલ, અનિલ સાળુંકે



www.barodahighschool.com

# વિષયસૂચિ


01 ધર્મજ્ઞાન કુંજ — પાન નં. 01

02 નાની મારી લેખણી — પાન નં. 02-03

03 શિક્ષકની રચનાત્મક દુનિયા — પાન નં. 04

04 જાણો દુનિયાની રસપ્રદ માહિતી — પાન નં. 05

05 નાની વાતોમાં મોટું જ્ઞાન — પાન નં. 06-07

06 ટેક કોર્નર — પાન નં. 8

07 હાસ્યનો ઝરણો — પાન નં. 9

08 સારા સંસ્કાર – જીવનનો આધાર — પાન નં. 10

09 વેકેશન માટે આનંદદાયી પ્રવૃત્તિઓ — પાન નં. 11-14

## ધર્મજ્ઞાન કુંજ



**જે વાતો તમને તકલીફ આપે છે,**

આ જીવનના પડકારો, સંઘર્ષો અને મુશ્કેલ પરિસ્થિતિઓનું પ્રતીક છે જે આપણને પીડા આપે છે.

**એ જ વાતો તમને તાલીમ પણ આપે છે.**

આ દર્શાવે છે કે એ જ પડકારો આપણને મજબૂત બનાવે છે, સહનશીલતા શીખવે છે અને જીવન માટે મહત્વપૂર્ણ પાઠ ભણાવે છે.

**- સતિષ પંચાલ..**

આ પ્રેરણાદાયક સુવિચારના લેખક.

## શક્તિપીઠ (૪૬) : ગુહ્યેશ્વરી શક્તિપીઠ

ગુહ્યેશ્વરી શક્તિપીઠ નેપાળના કાઠમંડુમાં પશુપતિનાથ મંદિરની નજીક બાગમતી નદીના કિનારે આવેલું અત્યંત પવિત્ર અને મહત્વનું હિન્દુ તીર્થધામ છે. પૌરાણિક કથા અનુસાર, અહીં માતા સતીના ઘૂંટણ પડ્યા હતા. આ મંદિર તાંત્રિક પૂજા માટે જાણીતું છે.



**મુખ્ય વિગતો:**

- **સ્થાન:** કાઠમંડુ, નેપાળ (પશુપતિનાથ મંદિરની નજીક).
- **મહત્વ:** અહીં માતા સતીના બંને ઘૂંટણ પડ્યા હતા, જેને 'ગુહ્ય' (ગુપ્ત) અંગ માનવામાં આવે છે.
- **દેવી:** અહીં માતા પાર્વતીને 'ગુહ્યેશ્વરી' સ્વરૂપે પૂજવામાં આવે છે, જે મહાશિરા તરીકે પણ ઓળખાય છે.
- **ભૈરવ:** અહીંના ભૈરવ કપાલી છે.
- **પૂજા પદ્ધતિ:** આ મંદિર તાંત્રિક વિદ્યા માટે વિશેષ મહત્વ ધરાવે છે અને નેવારી સંસ્કૃતિમાં તેનું મોટું સ્થાન છે.
- **મુલાકાતનો સમય:** અહીં ખાસ કરીને નવરાત્રિ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉમટે છે.

# જીવનને સરળ બનાવતા ૧૦ સુંદર પાઠ

**છત** – ઉચું નિશાન રાખવું.

**પંખો** – મગજ ઠંડુ રાખવું.

**ઘડિયાળ** – સમયની કદર કરવી.

**કેલેન્ડર** – હંમેશા અપડેટ રહેવું.

**વોલેટ** – ભવિષ્ય માટે બચત કરવી.

**અરીસો** – પોતાની જાતનું મૂલ્યાંકન કરવું.

**દિવાલ** – જવાબદારીઓ ઉપાડવી.

**બારી** – દ્રષ્ટિકોણ વ્યાપક બનાવવો.

**ફૂલ** – હંમેશા નમ્ર રહેવું.

**બેડ** – બધુ મોહમાયા છે, એટલે શાંતિથી આરામ કરવો.

યાદ રાખો... બધી દોડધામ વચ્ચે ક્યારેક શાંતિથી આરામ કરવો પણ જરૂરી છે. ❤

# નાની મારી લેખણી



## 🌸હરિ નામ🌸

હરિ નામ લઈ લે, અરે મારા વ્હાલા!
છોડી દે તું સંસારની બધી માયા.
તું કહીશ મારું મકાન મારું ઓરડું,
રહી જશે અહીં જ સઘળું,
મૃત્યું પછી ગામના બહાર જ ઘર આપણું!
હરિ નામ લઈ લે...
તું કહીશ મારું બૈરું અને મારો છોરો,
આ બધા તારા પછીના ચોરો,
મૃત્યું પછી દોષ કાઢશે છે ફક્ત તારો!
હરિ નામ લઈ લે...
તું કહીશ મારો પૈસો,
રહી જશે અહીં જ બધો તરતો,
મૃત્યું પછી આવશે સાથે સફેદ પડદો!
હરિ નામ લઈ લે...
તું કહીશ મારી હોન્ડા - ઓડી,
એની પળમાં થઈ જશે માટી,
રાવણ મર્યો, લંકા બળી, એવી જ થશે આપણી ગતિ!
હરિ નામ લઈ લે...

ઉન્નતિ સંજય મરાઠે   ધોરણ : ૧૧ સામાન્ય પ્રવાહ

## " કવિતા "

ફક્ત હૈયુ વીંધાય ને બને કવિતા,❤️
આખો ભીંજાય ને બને કવિતા. 🥺
અવાજ ડૂમો બને ગળાની અંદર,
શ્વાસો મૂંઝાઈને બને કવિતા. 🙄
ઓચિંતુ કોઈ અજાણ્યું આવીને,
સપનામાં રોકાઈને બને કવિતા. 🫠
વરસતા ચોમાસે ચોમેર યાદોનું,
વાવાઝોડું ફૂંકાય ને બને કવિતા.😵‍💫
આનંદથી થનગનતા મેળાઓમાં, 🥳
ઉદાસીઓ વેચાઈને બને કવિતા. ☹️
આશિકે વાતો કરવા આ અનિદ્રતા,
રોજ રાત રોકાઈને બને કવિતા.🫰🏻
છુપાઈને કોઈ લખાવેલા શબ્દો,
આજ 'આયુ' નામે વંચાય કવિતા.😎

આયુષી રબારી   ધોરણ: ૯

## "મિત્રતા"

કવિતા લખવા મારા શબ્દો ખૂટે છે,
મિત્રતાની વ્યાખ્યા સમજાવવા આજ હૈયું મારું ઉમટે છે!
દુનિયા માત્ર વાત સાંભળે છે પરંતુ,
વાત પાછળની લાગણી મિત્ર સમજે છે!
મનની વાત સૌ કોઈને ન કહી શકાય,
પરંતુ જે હસતાં ચેહરા પાછળનું દુઃખ જાણે તેને જ મિત્ર કહેવાય!
જ્યાં લાગણી મળે ત્યાં પરિવારના સંબંધ હોય છે,
પરંતુ જ્યાં દુઃખ-સુખ અને વાઈબ મેચ થાય ત્યાં મિત્રતા રચાય છે!
જેની સાથે હજારો વાર ઝઘડો થાય,
પરંતુ ઝઘડા પછી પણ જે સાથે હોય તેને જ મિત્ર ગણાય !
જ્યાં શ્રીકૃષ્ણ સુદામા ની સામે ઝૂકી ગયાં!
ત્યાં બીજું કાંઈ નઈ બસ મિત્રતાના ભાવ છલકાઈ ગયાં.
એમ તો દરેક સંબંધ હોય છે સ્વાર્થનો પણ,
જે નિઃસ્વાર્થ ભાવે નિભાવાય તે જ છે ગુણ મિત્રતાનો!
દુનિયા સાથે નથી હોતી આપણા છેલ્લા શ્વાસે,
પરંતુ "મિત્ર તો જોડે ઊભો જ રહેશે" એમ મિત્રતામા જ કહી શકાય
સંપૂર્ણ વિશ્વાસે!

દિશા પ્રવિણ સોલંકી   ધોરણ: ૯

## ભારત - વેદોની ધરોહર..

તર્ક અને વિજ્ઞાનનો જ્યાં સંગમ અદ્ભુત થાય,
વૈદિક એ સંસ્કૃતિ અમારી, વિશ્વમાં વંદાય.
પરંપરા છે પ્રાચીન પણ, વિચાર છે આધુનિક,
ભારત મારો દેશ શ્રેષ્ઠ, એની છબી છે અલૌકિક.
જ્યાં બ્રહ્મનાદથી સૃષ્ટિ જાગી, એ આર્યાવર્તની ધરતી,
જ્યાં વેદ-પુરાણોની વાણી વહે જાણે સંસ્કારની ભરતી.
ગંગા-જમનાના નીર વહે જ્યાં સત્યના સાક્ષી થઈ,
ઋષિ-મુનિઓના તપથી અહીં અમર વિરાસત લખાઈ.
ઋગ્વેદની પ્રથમ ઋચામાં અગ્નિનો છે પ્રકાશ,
સામવેદના સંગીત સુરે ગુંજતું આખું આકાશ.
યજુર્વેદના યજ્ઞકુંડમાં કર્મોનું વિધાન છે,
અથર્વવેદમાં જીવન-કળા અને ઔષધિય જ્ઞાન છે.
છ વેદાંગો જેણે આપ્યા, સમજવા વેદની વાણી,
જ્ઞાનના એ છ દ્વાર છે, જેણે સંસ્કૃતિને વખાણી.
શિક્ષાથી ઉચ્ચાર શુદ્ધ, કલ્પથી વિધિ સમજાય,
વ્યાકરણની પાણિની શૈલીમાં શબ્દો નિખરતા જાય.
એ નિરુક્ત અર્થ સમજાવે, છંદ લયબદ્ધ ગવાય,
જ્યોતિષના ગણિત થક કાળ-ચક્ર ઓળખાય. આવા પવિત્ર જ્ઞાનથી જેની ભૂમિ થઈ પાવન, એ જ ભારત દેશ અમારો, જગતમાં સૌથી પાવન.

આયુષી મનોજકુમાર વરીયા   ધોરણ: ૯

## વાર્તા: રજાની મજા

વર્ષભર અભ્યાસ અને પરીક્ષાની વ્યસ્તતા પછી, જ્યારે ઉનાળાની રજાઓ શરૂ થઈ, ત્યારે રવિ ખૂબ ખુશ થઈ ગયો. તેને રોજ સવારે વહેલા ઊઠવું પડતું નહોતું અને સ્કૂલ જવાની પણ ચિંતા નહોતી. હવે તે મન મુકીને પોતાની રજાઓ માણી શકે એવો સમય આવ્યો હતો.
રજાના પ્રથમ દિવસે જ રવિએ નક્કી કર્યું કે તે આ રજાઓમાં કંઈક નવું શીખશે અને સાથે મજા પણ કરશે. સવારે મોડું ઊઠીને તે મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયો. મેદાનમાં હાસ્ય અને આનંદનો માહોલ હતો. રમતાં - રમતાં સમય કેવી રીતે પસાર થઈ ગયો તેનો ખ્યાલ જ નહોતો આવ્યો
થોડા દિવસ પછી રવિએ પોતાના પરિવાર સાથે ગામે ગયો. ત્યાં તેણે દાદા - દાદી સાથે સમય પસાર કર્યો. દાદી તેને મજાની વાર્તાઓ સંભળાવતી અને દાદા તેને ખેતરમાં ફરવા લઈ જતા. તાજી હવા અને કુદરતી સૌંદર્ય તેને ખૂબ ગમ્યું.
સાંજે તે પોતાના મિત્રો સાથે નદી કિનારે જતો અને પાણીમાં રમતો. રાત્રે બધા સાથે બેસીને ભોજન લેતા અને પછી તારાઓને જોઈને વાતો કરતા. આ બધું તેને ખૂબ આનંદ આપતું.
રજાઓ દરમિયાન રવિએ પોતાની મમ્મી પાસેથી થોડુ રસોઈ કામ પણ શીખ્યું અને પપ્પા સાથે શહેરમાં ફરવા પણ ગયો. આ રીતે તેની રજાઓ મજા અને નવી શીખ સાથે ભરાઈ ગઈ. જ્યારે રજાઓ પૂર્ણ થવા આવી, ત્યારે રવિને થોડું દુઃખ થયું, પણ સાથે ખુશી પણ હતી કે તેણે આ સમયનો સારો ઉપયોગ કર્યો. હવે તે નવી ઉર્જા સાથે સ્કૂલ જવા તૈયાર હતો.

શિખામણ : રજાઓ માત્ર મજા માટે જ નથી, પરંતુ નવી વસ્તુઓ શીખવા અને પરિવાર સાથે સમય પસાર કરવા માટે પણ મહત્ત્વપૂર્ણ છે.

**વૈદેહી સંજયભાઈ માછી     ધોરણ: ૮**

### " ખોડ કુદરતની "

અરુણોદયમાં સોનેરી પીતાંમરી રશ્મિ લાવે,
વિહંગ ની મધુર ગુંજન સુણાવતી આવે,
ત્યાં પુષ્પની સુરભી સાથે મારો તરંગ,
જ્યાં વસુધાએ લપેટી હરી સારી સંગ,
વિધાતાએ બક્ષી અમોને પ્રકૃતિનો અનમોલ ઉપહાર,
કેવી કુદરતની કુદરતી લાવણીય સત્કાર,
વ્યોમના સરગમના રંગમાં સ્વપ્ન ઉડી જાય,
માટેની સુગંધિત બાળકો આત્માને અડી જાય,
કુદરતની કરિશ્મા કેવી જાણે વસંતે,
હૈયુ એની સોળમાં રંજનતા ઉરતંતે,

**મેઘા દિનેશભાઈ  પરમાર     ધોરણ: ૯**

### સૂરજદાદા

સૂરજદાદા, સૂરજદાદા, સવારે વહેલા આવો,
સોનેરી કિરણો પાથરીને, શક્તિસ્ત્રોત વહાવો.
કૂકડો બોલે કૂકડે-કૂક, ચકલી બોલે ચીં-ચીં,
વહેલા ઊઠી કસરત કરીએ, આળસ દૂર કરીએ.
સૂરજદાદા રોજ સવારે, નિયમિતતા સમજાવે,
જીવન જીવવાની નવી રીત, સૌને એ શીખવાડે.
સૂરજદાદા, સૂરજદાદા, સવારે વહેલા આવો...

**શિવાની જયદીપ બેહેરે (વાલી)    જુ.કેજી**

## મારી કલા

ક્રિષ્ના મહેશભાઈ બારીયા  ધોરણ: ૬



જાસ્મીન નરેશભાઈ ચુનારા  ધોરણ  : ૪



મૈત્રી સંજય માછી     ધોરણ : ૪



**નંદિતાબેન મહેશભાઈ ધનાવડે   ધોરણ : ૪**




## શિક્ષકની રચનાત્મક દુનિયા




**રાજન હમીરભાઈ હાડગડા   ધોરણ : ૭**











હ્યુમન એઆઈ પિન (Human AI Pin)
સ્માર્ટફોનનાં ફીચર્સ હવે તમારી પિનમાં!
સ્માર્ટફોનનાં ફીચર્સ ફોન વગર જ
તમારી હથેળી પર સ્ક્રીન પ્રોજેક્ટ કરો
કૉલ ઉપાડો અને વાત કરો
મેસેજના જવાબ આપો
AI
આધુનિક AI ટૂલ્સ અને અનેક ઉપયોગો
કેમેરા, સ્પીકર, સેન્સર
સંગીત વગાડી શકો છો
આગળ કામ થઈ રહ્યું છે! - બૅટરી ક્ષમતા અને ડિવાઈસ ગરમ થવાની સમસ્યામાં સુધારો
ભવિષ્યમાં નવા ફીચર્સ પણ ઉમેરાઈ શકે




કાર્બન પેપર: બનાવટ અને ઉપયોગની પ્રક્રિયા
પેટ્રોલિયમ / કુદરતી વાયુ
કાર્બન બ્લેક – મુખ્ય ઘટક
પેટ્રોલિયમ અને કુદરતી વાયુના અપૂરતા દહનથી મળતી મેશને કાર્બન બ્લેક કહે છે.
મીણ
૧૫૦ થી ૧૬૦ અંશ સેલ્સિયસ તાપમાન
મિશ્રણ અને ગરમી
કાર્બન બ્લેકને મીણ સાથે ભેળવી ૧૫૦ થી ૧૬૦ અંશ સેલ્સિયસ તાપમાને ગરમ કરવામાં આવે છે.
પેપર પર પડ ચડાવવો
મશીનના રોલર વડે ટિસ્યુ પેપર પર આ ગરમ રગડાનું એકસરખું પડ પાથરવામાં આવે છે.
લાક્ષણિકતાઓ અને ઉપયોગ
ઉપલબ્ધ રંગો
કાળો
ભૂરો
કાર્બન પેપર સામાન્ય રીતે કાળા અને ભૂરા એમ બે મુખ્ય રંગોમાં જોવા મળે છે.
લખાણની નકલ
બે કાગળ વચ્ચે કાર્બન પેપર રાખવાથી દબાણ દ્વારા નીચેના કાગળ પર કાર્બન કોપી તૈયાર થાય છે.
આધુનિક ઉપયોગો
ડુપ્લીકેટ પહોંચ
કમ્પ્યૂટર સ્ટેશનરી
આધુનિક ઉપયોગો
ઝેરોક્ષના કારણે વપરાશ ઘટ્યો હોવા છતાં, ડુપ્લીકેટ પહોંચ અને કમ્પ્યૂટર સ્ટેશનરીમાં આજે પણ વપરાય છે.




કોલેસ્ટેરોલની નવી ગાઈડલાઈન: તમારા 'દિલ'ને સ્વસ્થ રાખવા માટેનો માર્ગદર્શક
અમેરિકન હાર્ટ એસોસિએશન (AHA) ની નવી ગાઈડલાઈન મુજબ કોલેસ્ટેરોલના માપદંડો વ્યક્તિગત જોખમ પર આધારિત છે, જે LDL નિયંત્રણ અને હૃદય, મગજ તેમજ કિડનીના સ્વાસ્થ્ય માટે માર્ગદર્શન આપે છે.
LDL લક્ષ્યાંકો અને પરીક્ષણ
સામાન્ય (No Heart Disease)
< 100 mg/dL
LDL 100 થી ઓછું રાખો
જેમને હૃદય રોગ નથી, તેમણે ખરાબ કોલેસ્ટેરોલ (LDL) 100 થી ઓછું રાખવું જોઈએ.
< 70 mg/dL
મધ્યમ જોખમ (Medium Risk)
< 55 mg/dL
ઉચ્ચ જોખમ (High Risk)
હાઈ રિસ્ક ધરાવતા લોકોએ LDL 55 mg/dL થી પણ ઓછું રાખવું જરૂરી છે.
જીવનશૈલીમાં જરૂરી ફેરફારો
આહાર અને કસરત પર નિયંત્રણ
ઓછી ચરબી, વધુ ફાઈબર વાળો આહાર લો અને નિયમિત ઝડપી ચાલવાની કસરત કરો.
વ્યસન અને તણાવથી દૂર રહો
ધૂમ્રપાન અને દારૂ છોડો, પૂરતી ઊંઘ લો અને માનસિક તણાવનું સંચાલન કરો.
20 વર્ષની ઉંમરથી ટેસ્ટ કરાવો
સામાન્ય રીતે 20 વર્ષથી, પરંતુ ફેમિલી હિસ્ટ્રી હોય તો 9 વર્ષની ઉંમરે સ્ક્રીનિંગ કરાવવું.
અંગો પર અસર અટકાવો
હાઈ કોલેસ્ટેરોલ હૃદય ઉપરાંત મગજ (સ્ટ્રોક) અને કિડનીને પણ ગંભીર નુકસાન કરી શકે છે.



સપનું
મહેનત
સફળતા
"માત્ર શાળાએ મોકલી દેવાથી બાળકનું ઘડતર નથી થતું...
તેમને સમજનારા 'ઘર'ની પણ જરૂર હોય છે..."
સવારે 7 વાગ્યે...
શિક્ષક ક્લાસમાં ઊભા હતા... પૂરી તૈયારી સાથે.
હાથમાં ચોક... અને દિલમાં એક જ ઈરાદો –
આજે કંઈક બાળકોની જિંદગી બદલવી છે.
પહેલી બેન્ચ પર બેઠેલું બાળક હોમવર્ક કર્યા વગર આવ્યું હતું.
બીજું બાળક વારંવાર મોબાઈલની વાતો કરતું હતું...
ત્રીજું બાળક એકદમ શાંત હતું – એટલું શાંત કે જાણે ઘરેથી કંઈક તૂટીને આવ્યું હોય...
શિક્ષકે સમજાવ્યું... વઢ્યા નહીં... પણ સમજાવ્યું. વારંવાર સમજાવ્યું... છતાં પરિસ્થિતિ એની એ જ રહી.
પછી એક દિવસ PTM (વાલી મિટિંગ) માં સત્ય સામે આવ્યું...
એક પિતા બોલ્યા – "સાહેબ, અમે તો કામમાં વ્યસ્ત હોઈએ છીએ... ભણાવવાની જવાબદારી તમારી છે..."
બસ, અહીં જ ભૂલ થઈ જાય છે.
• શિક્ષક ભણાવી શકે છે... પરંતુ આદતો નથી બનાવી શકતો.
• શિક્ષક રસ્તો બતાવી શકે છે... પરંતુ એ રસ્તા પર ચલાવવાનું કામ – માત્ર વાલીનું છે.
આજની સૌથી મોટી સચ્ચાઈ એ છે –
બાળકો શાળામાં 6 કલાક રહે છે...
પરંતુ 18 કલાક ઘરમાં.
6 VS 18 કલાક
જો એ 18 કલાકમાં –
✕ કોઈ પૂછવા વાળું નથી,
✕ કોઈ સમજાવવા વાળું નથી,
✕ કોઈ રોકવા-ટોકવા વાળું નથી...
તો પછી શાળાની એ 6 કલાકની મહેનત હારી જાય છે.
એક સારો શિક્ષક બાળકને ઘડી શકે છે... પરંતુ સક્રિય વાલી વગર, એ બાળક ટકી શકતું નથી.
એક સક્રિય વાલી શું કરે છે?
તે રોજ પૂછે છે – "આજે શું નવું શીખ્યો?"
તે માત્ર માર્ક્સ નથી જોતા... પરંતુ બાળકની વિચારધારા (વિચારવાની રીત) જુએ છે.
તે શિક્ષક સાથે જોડાયેલા રહે છે... PTM માં માત્ર ફરિયાદ કરવા નહીં, પણ સહયોગ આપવા આવે છે.
તે મોબાઈલ છીનવી લેતા નથી... પરંતુ તેની આદતને સમજીને તેને યોગ્ય દિશા આપે છે.
તે બાળક પર બૂમો નથી પાડતા... પરંતુ તેની સાથે બેસીને વાત કરે છે.
★ યાદ રાખજો –
બાળકની સૌથી પહેલી પાઠશાળા ઘરથી શરૂ થાય છે...
અને જો એ ક્લાસ નબળો છે, તો શાળા પણ તેને મજબૂત બનાવી શકાશે નહીં.
આજે દરેક વ્યક્તિ ઈચ્છે છે –
"મારું બાળક આગળ વધે..."
પરંતુ કોઈ એ નથી વિચારતું –
"શું હું તેની સાથે ચાલી રહ્યો છું?"
શિક્ષક એકલો કંઈ નથી કરી શકતો...
અને વાલી સમજ્યા વગર માત્ર અપેક્ષા રાખી શકતા નથી.
બંનેએ સાથે આવવું પડશે...
ત્યારે જ એક બાળક સાચા અર્થમાં બની શકશે.
અને સત્ય કડવું છે –
★ "સારો શિક્ષક મળવો એ નસીબ છે... પરંતુ સારા વાલી બનવું એ જવાબદારી છે."
" બાળક શાળાથી નહીં, પણ માહોલથી બને છે..."
જો તમે પણ ઈચ્છતા હોવ કે બાળક ખરેખર આગળ વધે –
તો માત્ર શાળા નહીં, પોતાને પણ બદલવાનું શરૂ કરો.




માછલીની આંખમાં પાણી જવા છતાં તે પાણીની અંદર સરળતાથી જોઈ શકે છે. એવું કેમ?
1 બાહ્ય વાતાવરણથી રક્ષણ
માણસોની જેમ માછલીઓને બાહ્ય વાતાવરણથી આંખને બચાવવા પોપચાંની જરૂર પડતી નથી.
2 શ્લેષ્મ જેવું સ્તર
તેમની આંખોમાં શ્લેષ્મ જેવું સ્તર આવેલું હોય છે, જે તેમની આંખોને પાણીમાં રહેલા કચરા કે સૂક્ષ્મજીવો સામે રક્ષણ આપે છે અને આંખમાં ભેજનું પ્રમાણ જાળવી રાખે છે.
શ્લેષ્મ જેવું સ્તર
કચરો
સૂક્ષ્મજીવો
પાણી
પાણી
3 પાણીમાં અનુકૂલન
તેમની આંખો પાણીમાં રહેવા અનુકૂલિત થયેલી હોવાથી માણસની જેમ તેઓને પાણીમાં જોવામાં તકલીફ પડતી નથી.
માણસ: ઝાંખું દ્રશ્ય
માછલી: ચોખ્ખું દ્રશ્ય
4 ગોળાકાર લેન્સ અને વક્રીભવનાંક
આ ઉપરાંત, તેમની આંખોમાં આવેલ લેન્સ માણસોના લેન્સની સાપેક્ષે વધુ ગોળાકાર હોય છે અને તેના વક્રીભવનાંક પણ વધુ હોય છે. તેના કારણે તેમની આંખ પાણીની અંદર રહેલી વસ્તુ પર સરળતાથી કેન્દ્રિત થઈ શકે છે.
માણસની આંખનો લેન્સ
માછલીની આંખનો લેન્સ
ગોળાકાર લેન્સ
વધુ ગોળાકાર અને વધુ વક્રીભવનાંક
પ્રકાશનું વક્રીભવન
રેટિના પર કેન્દ્રિત
પાણીની અંદરનું અજાયબીભર્યું જગત!




ખોરાક એ જ ઔષધ
મગજ
અખરોટ, બદામ, હળદર, બ્લૂબેરી, અળસીના બી
આંખો
ગાજર, શક્કરિયા, પાલક, કલે (Kale), બ્લૂબેરી, નારંગી
મશરૂમ
મશરૂમ (શીટાકે, રેશી, માઈતાકે)
હૃદય
ટામેટાં, બીટરૂટ, દાડમ, લસણ, પાંદડાવાળા શાકભાજી
થાઈરોઈડ
દરિયાઈ શેવાળ, આયોડાઈઝ્ડ મીઠું, લીંબુ, તલના બી
ટામેટા
ટામેટાં, લાઈકોપીન, એન્ટીઓક્સિડન્ટ
આંતરડાં
ફાઈબરયુક્ત ખોરાક: અળસીના બી, કેળા, લસણ, ડુંગળી, શતાવરી, આખા અનાજ
સ્વાદુપિંડ
શક્કરિયા, આદુ, હળદર, અળસીના બી
ચકૃત
લીલા પાંદડાવાળા શાકભાજી, એવોકાડો, લીંબુ, હળદર
જઠર (પેટ)
આદુ, કોળું, ઓટ્સ, એલોવેરા, હર્બલ ટી
ચકૃત (લિવર)
બીન્સ, બ્રોકોલી, અખરોટ, લીલા શાકભાજી
એવોકાડો
ગર્ભાશય
સ્વસ્થ ચરબી, ઓલિવ તેલ, બદામ, બીજ
અળસીના બી, મસૂર, દાડમ, કલે, તલના બી




'મસાલાના જોડકણા'
મરી - કાળા મરી ચક્કર મટાડવામાં મદદરૂપ થાય છે.
સૂવા - તીખા સૂવા પેટના દુખાવામાં રાહત આપે છે.
જાયફળ - જાયફળ ઝાડાની તકલીફમાં ગુણકારી છે.
કોકમ - કોકમ ખંજવાળ અને એસીડીટીમાં રાહત આપે છે.
તજ - તજ મગજને સતેજ (active) રાખવામાં મદદ કરે છે.
લવીંગ - લવીંગ સ્વભાવે ઠંડુ છે અને તે દાંતના દુખાવા તથા ખાંસીમાં રાહત આપે છે.

# ક્રિકેટમાં જર્સી નંબરની કરામત!

## આ નંબર શેના આધારે હોય છે?

- ખેલાડીની પસંદગી
- ખાસ યાદ કે ઘટના
- ટીમમાં પહેલેથી લીધેલો નંબર

## * જાણીતા ખેલાડીઓના જર્સી નંબરની પાછળનું રહસ્ય *

**વિરાટ કોહલી – 18**
પિતાનું અવસાન ૧૮ ડિસેમ્બર ૨૦૦૬ ના દિવસે થયું હતું.

**એમ.એસ. ધોની – 7**
તેમનો જન્મ ૭ જુલાઈએ થયો છે.

**સચિન તેંડુલકર – 10**
માત્ર તેમનું પ્રતિક 🏏. તેથી હવે આ નંબર નિવૃત્ત થયો છે.

**રોહિત શર્મા – 45**
મમ્મીએ આ નંબર પસંદ કરવાની સલાહ આપી હતી.

**હાર્દિક પંડ્યા – 33**
વ્યક્તિગત પસંદ તરીકે ગમે છે.

**કે. એલ. રાહુલ – 1**
સિમ્પલ અને વિશિષ્ટ નંબર.

**જસપ્રીત બુમરાહ – 93**
જન્મ વર્ષ ૧૯૯૩ હોવાથી.

**સંજુ સેમસન – 9**
આ નંબર લકી લાગે છે.

💡 **વેકેશન પ્રવૃત્તિ:** વેકેશનમાં નવી રમતો, નિયમો અને જાણવા જેવી બાબતો શોધો..*કંઈક નવું મળે તો આપણી **ધમાચકડી**માં મોકલજો.*

### મજાની વાત

**ટાઈમ આઉટ (TIME OUT) - નિયમ:** નવા બેટ્સમેને 3 મિનિટમાં પીચ પર આવવું પડે, નહીંતર ફિલ્ડિંગ ટીમની અપીલ પર આઉટ જાહેર થઈ શકે છે..!




## ભારતનું પ્રથમ ક્વોન્ટમ કમ્પ્યૂટર : મુખ્ય વિગતો

આંધ્રપ્રદેશ સરકાર દ્વારા અમરાવતી ખાતે ભારતનું પ્રથમ ક્વોન્ટમ કમ્પ્યૂટર (Quantum Computer) લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

**લોન્ચિંગ તારીખ:** ૧૪ એપ્રિલ, ૨૦૨૬ (ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતીના અવસરે).

**સ્થળ:** અમરાવતી, આંધ્રપ્રદેશ.

**ઘોષણાકર્તા:** મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ.

**પ્રોજેક્ટનું નામ:** અમરાવતી ક્વોન્ટમ વેલી (Amaravati Quantum Valley – AQV).

## પ્રોજેક્ટની વિશેષતાઓ અને મહત્ત્વ

**ઓપન-એક્સેસ સુવિધા:** આ કમ્પ્યૂટર સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે, જેથી તેઓ અદ્યતન ટેક્નોલોજી પર પ્રયોગો કરી શકશે.

**નેશનલ ક્વોન્ટમ મિશન:** આ પ્રોજેક્ટ ભારત સરકારના 'નેશનલ ક્વોન્ટમ મિશન' (NQM) સાથે જોડાયેલો છે, જેનો ઉદ્દેશ્ય ભારતને ક્વોન્ટમ ટેક્નોલોજીમાં વૈશ્વિક લીડર બનાવવાનો છે.

**ભાગીદારી:** આ પહેલમાં IBM, TCS અને L&T જેવી દિગ્ગજ કંપનીઓ તેમજ IIT Madras અને SRM યુનિવર્સિટી જેવી સંસ્થાઓ સહયોગ આપી રહી છે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર:** અમરાવતીમાં આ માટે ૮ સમર્પિત ટાવર્સ બનાવવામાં આવશે, જે સંશોધન, સ્ટાર્ટઅપ્સ અને નવીનતા માટેના કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

## ક્વોન્ટમ કમ્પ્યૂટર શું છે?

સામાન્ય કમ્પ્યૂટર 'બિટ્સ' (0 અને 1) પર કામ કરે છે, જ્યારે ક્વોન્ટમ કમ્પ્યૂટર 'ક્યુબિટ્સ' (Qubits) પર કામ કરે છે. આ ટેક્નોલોજી સામાન્ય કમ્પ્યૂટર કરતા લાખો ગણી ઝડપી હોય છે અને જટિલ ગણતરીઓ સેકન્ડોમાં કરી શકે છે.

## ભવિષ્ય પર અસર

આ ટેક્નોલોજીના આવવાથી સાયબર સિક્યોરિટી, દવાઓની શોધ (Drug Discovery), આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને હવામાનની આગાહી જેવા ક્ષેત્રોમાં ક્રાંતિકારી ફેરફારો આવશે. આ પ્રોજેક્ટ દ્વારા અમરાવતીને 2030 સુધીમાં વિશ્વના ટોચના ૫ ક્વોન્ટમ હબમાં સ્થાન અપાવવાનું લક્ષ્ય છે.












# હાસ્યના ફુવારા

શિક્ષક (વિદ્યાર્થીને) : બોલ,
બેમાંથી જો બે બાદ કરવામાં આવે, તો કેટલા રહે?
વિદ્યાર્થી : હું પ્રશ્ન ન સમજ્યો, શિક્ષક.
શિક્ષક : જો ૨ રોટલી છે, તેં બંને રોટલી ખાઈ લીધી, તો શું રહ્યું?
વિદ્યાર્થી : શાક, શિક્ષક.

ટીના: "રીના, આ બાજુનાં ઘરે શું ચાલે છે?"
રીના: "જન્મદિવસ છે."
ટીના: "કોનો?"
રીના:"ટુ યુ નો."
ટીના: "એ કોણ વળી?"
રીના: "એ તો ખબર નહિ પણ સંભળાયું તો એવું જ - હેપ્પી બર્થડે ટુ યુ."

ત્રણ છોકરા હોય છે.
પ્રથમ છોકરો: "મારા પપ્પા એટલી ગરમ ચા પીવે કે કીટલી મોઢે માંડે."
બીજો છોકરો: "મારા પપ્પા એટલી ગરમ ચા પીવે કે તપેલી મોઢે માંડે."
ત્રીજો છોકરો: "મારા પપ્પા એટલી ગરમ ચા પીવે કે પાણી, દૂધ, ચા, ખાંડ મોંઢામાં નાખી ગેસ શરુ કરીને પોતે ગેસ પર બેસી જાય."

દર્દી : સર, હજુ મારા પેટમાં દુ:ખતું મટતું નથી.
વૈદ્ય: કાલે રોટલી ખાધી હતી?
દર્દી : ચાર જ સર.
વૈદ્ય : મેં તો બે જ ખાવાનું કહ્યું હતું. તેં ચાર કોને પૂછીને ખાધી?
દર્દી : બે રોટલી તો તમે કહેલી, બાજુવાળા વૈદ્યે પણ બે રોટલી ખાવાનું કહ્યું હતું.

ડૉક્ટર : તમારે સારા સ્વાસ્થ્ય માટે દરરોજ કસરત કરવી જોઈએ.
દર્દી: હું દરરોજ ફૂટબોલ અને ક્રિકેટ, કબડ્ડી રમું છું.
ડૉક્ટર: ખૂબ સરસ, તમે ક્યાં રમો છો?
દર્દી: મારા મોબાઈલ પર.🤣🤣

રમણલાલ : "અરે, તારા દાંત કેવી રીતે પડી ગયા?"
મંગુ: "હસવાના કારણે."
રમણલાલ : "એટલે?"
મંગુ : "એક પહેલવાન રસ્તા પર લપસી પડ્યો તેને જોઈને હું હસ્યો તો મારા દાંત પડી ગયા."

ગણિતના શિક્ષક: "બેમાંથી બે જાય તો કેટલા રહે?"
ભોલુ : "સર, સમજણ નથી પડતી કોઈ ઉદાહરણ આપો."
શિક્ષક: "ધારો કે તારી પાસે બે રોટલી છે. તું બંને રોટલી ખાઈ જાય તો પછી શું વધે?"
ભોલુ: "સાહેબ, શાક જ વધેને!"
😂😂😂

## વિચારો







## ગણતરીબાજ



આ ચિત્રમાં કયા આકાર કેટલી સંખ્યામાં છે તે બાજુમાં જે-તે આકારની સામે લખો



## શબ્દચિત્ર

**આપ પણ આ રીતે શબ્દ પરથી ચિત્ર બનાવીને મોકલી શકશો.**




## મગજ કસો

**[૧]**

રામ અને શ્યામ પાસે પોતપોતાના પાકીટમાં અમુક રૂપિયા છે. જો રામ પોતાના પાકીટમાંથી ૧૦ રૂપિયા શ્યામને આપે તો શ્યામની પાસે રામની પાસે રહેલા રૂપિયા કરતાં ત્રણ ગણા રૂપિયા થઈ જાય છે. પણ જો શ્યામ પોતાના પાકીટમાંથી ૧૦ રૂપિયા કાઢીને રામને આપે તો બંનેના પાકીટમાં સરખા રૂપિયા થઈ જાય. તો રામ અને શ્યામ પાસે કેટકેટલા રૂપિયા હશે?

**[૨]**

કરસન કાકા તેમના અડોશ-પડોશના નાના-મોટા બાળકોને આપવા માટે પચાસ ચોકલેટ લઈ આવ્યા. તેમણે દરેક નાના બાળકને ત્રણ-ત્રણ ચોકલેટ આપી અને દરેક મોટા બાળકને બે-બે ચોકલેટ આપી. આમ, ઓગણીસ બાળકો વચ્ચે બધી જ ચોકલેટ વહેંચાઈ ગઈ. તો કરસન કાકા પાસેથી ચોકલેટ લેનારા મોટા બાળકોની સંખ્યા કેટલી?

**[૪]**

નીચે એક કહેવતના શબ્દો આડા અવળા ગોઠવાઈ ગયા છે તેમને યોગ્ય ક્રમે ગોઠવી, કહેવત સ્પષ્ટ કરો :

મરે જાય માંદો ટૂંકો જોડે નહીં તો થાય લાંબા

**[૫]**

કેટલાક ભરવાડો ગૌચરમાં ગાયો ચરાવી રહ્યા હતા. એક વટેમાર્ગુએ ગાયો તથા ભરવાડોના કુલ પગ ગણ્યાં તો ૧૨૮ થયા અને કુલ માથાં ગણ્યાં તો ૩૪ થયા. તો તે ગૌચરમાં ભરવાડોની સંખ્યા કેટલી હશે?

**[૬]**

નીચે આપેલી સંખ્યાની તરાહનો અભ્યાસ કરો. એ તરાહ મુજબ છઠ્ઠી સંખ્યા કઈ આવશે?
૨, ૫, ૧૧, ૨૩, ૪૭,....?

**[૭]**

જેવો સંબંધ ઉંદર અને ગણેશજી વચ્ચે છે, તેવો સંબંધ ગરુડ અને કોની વચ્ચે છે?

## તર્ક વિચારો

૧)



૨)



## સાચી જોડણી શોધો.

| | |
|---|---|
| વાનગી | વાનગિ |
| પ્રમાણિક | પ્રામાણિક |
| ઈસ્લામ | ઈસ્લામ |
| વરિષ્ટ | વરિષ્ઠ |
| આશીર્વાંદ | આર્શીવાદ |
| સન્યાસી | સંન્યાસી |

| | |
|---|---|
| કવીશ્વર | કવિશ્વર |
| સકુંતલા | શંકુતલા |
| આંતકવાદી | આતંકવાદી |
| કનિષ્ઠ | કનિષ્ટ |
| હ્રદય | હ્રદય |

## તફાવત શોધો.

[૧]





[૨]





# ઉખાણાં

હું દોડું છું પણ પગ નથી,
હું રડું છું પણ આંખ નથી.

એક એવી વસ્તુ છે જેનું ગળું છે પણ માથું નથી, અને બે હાથ છે પણ આંગળીઓ નથી. તે શું છે?

એવી કઈ વસ્તુ છે જે આખા રૂમને ભરી દે છે, છતાં તે જરા પણ જગ્યા રોકતી નથી?

હું બોલું છું પણ મોં નથી,
હું સાંભળું છું પણ કાન નથી.
હું કોણ?

હું પાણીમાં જન્મી છું અને પાણીમાં જ મરી જાઉં છું, પણ જો મને પાણીમાં નાખો તો હું ગાયબ થઈ જાઉં છું. હું કોણ છું?

એક પેટી એવી, કે જેમાં ધોળી-કાળી હાઉ,
આંગળી જેવી અડાડે કે બોલે બાઉ બાઉ

વિચારો :
👉 જો 1 મશીન 5 મિનિટમાં 5 રમકડાં બનાવે,
તો 5 મશીન 5 મિનિટમાં કેટલા રમકડાં બનાવશે?



કેટલીક દુકાનો પર ગ્રાહકોનું ધ્યાન ખેંચવા લખી હોય તેવી એક સૂચના/સૂત્રના અક્ષરો આડા અવળા થઈ ગયા છે. તેમને ક્રમસર ગોઠવી તે સૂત્ર બનાવો:

**કાજે લેઉ આડા કર ધારો**

*યોગ્ય જોડી ગોઠવો*

રેલગાડીમાં એકઠા થયેલા મા અને તેના બચ્ચાની યોગ્ય જોડી ગોઠવો.



કોના પડછાયામાં ભૂલ છે તે શોધો.



બાળમિત્રો, અહીં આપેલ ચિત્રકથાને ૧૦-૧૫ લીટીમાં સાંકળીને તમારા વિચારો વાર્તારૂપે લખી મોકલો. તમારી મોકલેલ વાર્તામાંથી શ્રેષ્ઠ ત્રણ વાર્તાઓને મેગેઝિનમાં સ્થાન મળશે તથા બાકીના બાળમિત્રોનાં નામ છપાશે.



## શબ્દો શોધો.

મેઘાલય, વરાળ , અછત,સેવપુરી, તુરાઈ, સાબુદાણા, ભાવપત્રક,  શરમ,પંખો, દેવભૂમીદ્વારકા, અલગ ચંદ્ર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શી | યા | લૂ | રિ | ધં | ખૌ | તુ | ટૌ | પિ | શ |
| ઢા | ઙ્ગં | ક્ષે | નૂ | દો | ણા | રા | બા | ર | ઝો |
| ક્ષો | ત | છ | અ | દા | ચં | ઈ | મ | મે | છૈ |
| ડૌ | ઠ | કા | બુ | દ્ર | ટિ | ભા | પ | ઘા | ડી |
| પં | ખો | સા | ર | હૈ | મિ | કૈ | ઝે | લ | હિ |
| સિ | ળો | સો | ધં | દ્વા | ઢુ | રા | ક | ય | ર |
| ગા | છો | ધી | ળિ | ઝી | મી | ત્ર | નૈ | ગ | બુ |
| વૂ | ટો | વૈ | બ | ઠૂ | પ | ભૂ | ગૌ | લ | ળ |
| સે | વ | પુ | રી | વ | હૌ | પૂ | વ | અ | રા |
| નૌ | ચુ | ટ | ભા | ફુ | કુ | ચો | સૌ | દે | વ |

## વિચિત્ર પ્રાણી

**અહીં એક વિચિત્ર પ્રાણી આવી ચડ્યું છે. આ પ્રાણી કયા પ્રાણીના અંગોથી બન્યું છે તે કહી શકશો?**



## સુડોકુ પઝલ

**આપેલ સુડોકુ પઝલમાં ખાલી રહેતા ખાનામાં ખૂટતું ચિત્ર મૂકો ધ્યાન રહે આડી ઊભી લાઈનમાં એકનું એક ચિત્ર ફરીવાર ન આવે.**





**આપેલ આકૃતિમાં (?) ની જગ્યાએ કયો અંક આવશે?**




## આડી ઊભી ચાવી



### ઊભી ચાવી

(1) ચણવાનું કામ [4]
(2) બુરખો [3]
(3) રામના પુત્રોના નામ [4]
(4) વિઘ્ન રૂપ [4]
(7) લીસોટો [4]
(10) અહીં દહેશત શબ્દ ઊંધોચત્તો થયો છે [4]
(13) એક કઠોળ [2]
(15) એક રૂઢિપ્રયોગ - કામનો ...... [2]
(16) ઉમેદ, ઈચ્છા [2]

### આડી ચાવી

(1) બાગ, બગીચો, ઉપવન [3]
(3) લીન, આસક્ત [3]
(5) કીચડ [3]
(6) અતિ ઉગ્ર લાલસા [3]
(8) એક ઓપેક દેશ [3]
(9) ઉનાળામાં કેરીનો ..... ખાવની મજા પડે [2]
(10) રાવણના મસ્તકની સંખ્યા [2]
(11) ચાંદી [3]
(12) એક પરપ્રત્યય [1]
(13) ચકલીનો નર [2]
(14) મીણબત્તી, દીવી [2]
(17) કપડાં પહેરવાની રીત [5]

## ગત માસની ધમાચકડીના જવાબો

🌈 સ્પેલિંગ શોધ: ઉદાહરણ માટેના જવાબ
1) PUL - પુલ - એક પ્રકારનું કાપડ
3) TUY - તેમ છતાં, પરંતુ
👉 નોંધ : આ સ્પેલિંગ તુર્કી ભાષા સાથે જોડાયેલ છે.

## ગત માસના લેખાં - જોખાં

અહિં ક્લિક કરો.

## જૂન માસનું આયોજન

અહિં ક્લિક કરો.